## સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧–૧૦–૨૦૧૬ ના

## રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

મ્યુ.કમિશનરશ્રીના તા.૨૩–૯–૧૬ ના પત્ર નં.સી.સ્થા.સ./૬૦૩ થી વિદિત થઈ, ભારત સરકારશ્રી ધ્વારા લાગુ કરવામાં આવેલ કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલીશન વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ–૨૦૧૬ ના અમલ માટે લોકલ ઓથોરીટી તરીકે સુરત મહાનગરપાલિકાની જવાબદારી બનતી હોવાથી સદર રૂલ્સ ધ્યાનમાં લઈ નીચે જણાવેલ એનેક્ષરમાં સુચવવામાં આવેલ કાર્યપધ્ધતિ અમલમાં મુકવાનું ઠરાવવામાં આવે છે.

DE(1),(2),(3),(4),(5),(6), MOH/P.O./ARO

Exe. Engineer

## <u>એનેક્ષર</u>

(૧) કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલીશન વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ–૨૦૧૬ માં સી. એન્ડ ડી. ના મેનેજમેન્ટ માટે વેસ્ટ જનરેટરની જવાબદારી નિયત કરવામાં આવેલ છે, જે મુજબ તમામ વેસ્ટ જનરેટરો અને ખાસ કરીને "બલ્ક વેસ્ટ જનરેટરો" ધ્વારા સી. એન્ડ ડી. વેસ્ટના સેગ્રીગેશન, સ્ટોરેજ, ટ્રીટમેન્ટ તથા ડીસ્પોઝલની કામગીરી ફરજીયાત પણે કરવાની રહેશે.

(૨) કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલીશન વેસ્ટના નિકાલ માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા ફેસિલિટેટર તરીકે વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ છે.

(૩) સુરત મહાનગરપાલિકા ધ્વારા ઉભી કરવામાં આવેલ વ્યવસ્થાનો વેસ્ટ જનરેટર ઉપયોગ કરવા ઈચ્છતા હોય તો તે માટે તેઓએ પરમીટ લેવાની છે, જેના માટે www.suratswm.org વેબ સાઈટ ઉપરથી કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલીશન વેસ્ટના પ્રકાર માટે ઓનલાઈન અરજી કરવાની રહેશે.

(૪) TIFAC ધ્વારા નિયત કરવામાં આવેલ માપ દંડો મુજબ નવા બાંધકામ તેમજ રીપેરીંગ માટે 50 Kg/Sq.Mt., જયારે ડીમોલીશન માટે 500 Kg/Sq.Mt. પ્રમાણે વેસ્ટનો અંદાંજીત જથ્થો ધ્યાને લેવાનો રહેશે.

(૫) આ અંદાજીત જથ્થા માટે રૂા.૩૩૩/– પ્રતિ મે. ટનનો ભાવ ધ્યાને લઈ તે પ્રમાણેના નાણાં વિકાસકાર, બાંધકામ કરનાર ધ્વારા એડવાન્સમાં ડીપોઝીટ પેટે આ કામગીરી માટે ખોલવામાં આવનાર નવા (Escrow) એકાઉન્ટમાં જમા કરાવવાના રહેશે. કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલીશન વેસ્ટ પ્રોસેસિંગ રકમ જમા થયેથી અરજદારને તે અંગેની પરમીટ આપવામાં આવશે.

(૬) કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલીશન મેનેજમેન્ટ પ્લાન/પરમીટ લેવામાં આવ્યા પછી જ નવા બાંધકામ/ડીમોલીશન માટેની રજાચિઠ્ઠી આપવામાં આવશે તથા નવા બાંધકામના સ્થળે રજાચિઠ્ઠીની સાથે સી. એન્ડ ડી. વેસ્ટની પરમીટની નકલ ફરજીયાતપણે પ્રસિધ્ધ કરવાની રહેશે.

(૭) કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલીશન વેસ્ટના કલેકશન, ટ્રીટમેન્ટ, ડીસ્પોઝલના નિકાલ અંગે જમા લેવામાં આવેલ કચરો તે માટે ગણવામાં આવેલ નાણાંનો હિસાબ એજન્સીએ રાખવાનો રહેશે. પ્રોજેકટ પૂર્ણ થાય ત્યારે એજન્સીએ સર્ટીફીકેટ આપવાનું રહેશે કે પ્રોજેકટમાં ઉત્પન્ન થયેલ તમામ સી. એન્ડ ડી. વેસ્ટનો નિકાલ તેમના ધ્વારા કાયદાની જોગવાઈ મુજબ કરવામાં આવેલ છે, જે સર્ટીફીકેટ ઈસ્યુ થયા બાદ જ જે તે પ્રોજેકટનું બી.યુ.સી. આપવામાં આવશે.

(૮) કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલીશન વેસ્ટના નિકાલ માટેની સુરત મહાનગરપાલિકા ધ્વારા ઉભી કરવામાં આવેલ વ્યવસ્થાનો લાભ નહી લેવા માંગતા હોય તેવા વેસ્ટ જનરેટરોએ સી. એન્ડ ડી. વેસ્ટની વ્યવસ્થા પોતાની રીતે કરવાની રહેશે. આ વ્યવસ્થા કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલીશન વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ–૨૦૧૬ પ્રમાણે થાય તથા કાયદાની જોગવાઈઓનો ભંગ ન થાય તેની તકેદારી/જવાબદારી વેસ્ટ જનરેટરની પોતાની રહેશે.

(૯) સુરત મહાનગરપાલિકા ધ્વારા કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલીશન વેસ્ટની પરમીટ/નોંધણી/નિકાલ માટે ટોલ ફ્રી નંબરની વ્યવસ્થા કરવામાં આવેલ છે તેમજ તેની સાથે ઓનલાઈન પરમીટની પણ વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ છે.

(૧૦) કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલીશન વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ–૨૦૧૬ ની જોગવાઈઓ મુજબ અમલ/કાર્યવાહી કરવામાં આવશે નહી અગર જો કોઈ જોગવાઈઓનો ભંગ થશે તો સુરત મહાનગરપાલિકાની સામાન્ય સભા ધ્વારા મંજુર પબ્લીક હેલ્થ બાયલોઝમાં રૂા.૧૦,૦૦૦/– સુધીની પેનલ્ટી વસુલવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

પોલીસી ફાઈલ નં. ૬

(૧૧) આ પધ્ધતિનું અમલીકરણ તા.૨–૧૦–૨૦૧૬ થી લાગુ પાડવામાં આવશે.

ઠરાવ નં.૧૬૨૧/૨૦૧૬ સર્વાનુમતે મંજુર.

DMC (DJ)
13-10-16

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

Received On
Dt. 10-10-16
5/50 PM

ઈ.ચા. સે ક્રે ટ રી,
સુરત મહાનગરપાલિકા
તા. ૭–૧૦–૨૦૧૬.

633

રાજ... તા. ૧૪/૧૦/૨૦૧૬